| | | |
|---|---|---|
| | सत्यमेव जयते | કેસ મળ્યા તારીખ :– ૦૯/૦૨/૨૦૨૬ |
| | | કેસ દાખલ તારીખ :– ૧૦/૦૨/૨૦૨૬ |
| | | કેસ ફેંસલ તારીખ :– ૨૧/૦૭/૨૦૨૬ |
| | | અવધિ :– વર્ષ, માસ, દિવસ |
| | | ૦૨ ૦૫ ૧૧ |

**આંક–**

**FORM-A**

**<u>મોરવા (હ) ના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી. મેજી.ફ.ક.,</u>**
**<u>પી.એમ.જોષી સાહેબની કોર્ટમાં, મુ. મોરવા (હ)</u>**

**ચુકાદાની તા.૨૧/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર–૨૮/૨૦૨૬**

(મોરવા (હ) પો.સ્ટે. ફ. ગુના રજી. નં.૫૦૭૩૯/૨૦૨૫)

| | |
|---|---|
| ફરીયાદી. | **સરકારશ્રી** |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.એલ.એસ.ગઢવી. |
| આરોપીઓ | **(૧) ગોવીંદભાઈ બીજલભાઈ મુનીયા,**<br>**(૨) નટવરભાઈ બીજલભાઈ મુનીયા,**<br>**(૩) બીજલભાઈ રંગાભાઈ મુનીયા,**<br>**તમામ રહે.રજાયતા, મુનીયા ફળીયું,**<br>**તા.મોરવા(હ),જિ.પંચમહાલ.** |
| REPRESENTED BY | આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.વી.ગણાસવા. |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૨૮/૧૦/૨૦૨૫ |
| FIR ની તારીખ. | ૨૯/૧૦/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ. | ૦૯/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જ ફ્રેમની તારીખ. | ૧૦/૦૩/૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૩૦/૦૬/૨૦૨૬ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | – |
| ચુકાદાની તારીખ. | ૨૧/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | |

**<u>આરોપીઓની માહીતી.</u>**

| આરોપી ઓની રેન્ક. | આરોપીઓનુ નામ. | ધરપકડ ની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 468, B.N.S.S. ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **(૧) ગોવીંદભાઈ બીજલભાઈ મુનીયા, (૨) નટવરભાઈ બીજલભાઈ મુનીયા, (૩) બીજલભાઈ રંગાભાઈ મુનીયા.** | – | – | ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ– ૧૧૮(૨) ,૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |

FORM-C

**<u>પ્રોસિકયુશન/ડિફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**<u>A. પ્રોસિકયુશન :</u>**

| રેન્ક નંબર | આંક નંબર | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 10 | ફરીયાદી દલપતભાઈ રયજીભાઈ મુનીયા | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| PW-2 | 12 | સાહેદ લીલાબેન દલપતભાઈ મુનીયા | સાહેદ |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.**

**A. પ્રોસિકયુશન :**

| અનુ. નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. | 11 | ફરીયાદ |
| 2. | 13 | મુદામાલ રીકવરીનુ પંચનામું |
| 3. | 14 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 4. | 15 | એમ.એલ.સી.સર્ટીફીકેટ |
| 5. | 16 | કલોઝીંગ પુરસીસ |

**B. બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1 | આંક___D-1 -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. આંક___C-1/CW 1 | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત |
|---|---|---|
| 1. MO 1 | -- | -- |

**–:: ઠરાવ ::–**

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

(૧) ગઈ તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કલાક.૧૯:૩૦ વાગ્યે મોજે રજાયતા ગામે મુનીયા ફળીયામા ફરીયાદી પોતાના ઘરે હતા તે વખતે આરોપી નં.૧ નાએ ફરીયાદીને તમો મારા પિતાને ઉનાળામા કેમ કહેલ કે મારા આંબા બાળી દીધા છે તેમ કહી મા બહેન સમાણી ગાળો બોલતો હોય જેથી ફરીયાદીએ આરોપી નં.૧ ને ગાળો બોલવાની ના પાડતા ત્રણેય આરોપી ફરીયાદી ઉપર ઉસ્કેરાઈ જઈ આરોપી નં.૧ નાએ તેના હાથમાની તલવાર લઈ તથા આરોપી નં.૨ નાએ તેના હાથમા વાંસી લઈ તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાં તીરકામઠુ લઈ ગાળો બોલતા બોલતા ફરીયાદી ના ઘરે આવી આરોપી નં.૨ નાએ તેના હાથમાની વાંસી ફરીયાદી ને ડાબા હાથના ભાગે મારી લોહી કાઢી ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાએ તેના હાથમાની તલવાર તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાં તીરકામઠુ સાહેદ ગણપતભાઈ મસુરભાઈ મુનીયા નાઓએ લઈ લેતા આરોપી નં .૨,૩ નાઓ એ ફરીયાદી તથા સાહેદ લીલાબેનને શરીરે ગડદા પાટુનો માર મારી

જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતા -૨૦૨૩ ની કલમ-૧૧૮(૨) ,૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અં ગે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સં હીતાની કલમ-૧૯૩(૨) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) **<u>પોલીસ તથા કોર્ટ કાર્યવાહી :-</u>**

પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૨૧૦ આધારે આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૨૭ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં, કલમ-૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપીઓનું પ્રાથમિક નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા કલમ-૨૬૫ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :-</u>**

(૩) ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ઉપરોકત દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે. આ સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ કરેલ ન હોઈ ફરીયાદપક્ષનાં પુરાવાનો હકક બંધ કરેલ છે.

**<u>આરોપીઓનુ વિશેષ નિવેદન :–</u>**

(૪) સદર કામે ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં તેના વડે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેટલો મજબુત,સજજડ અને પુરતો પુરાવો જણાતાં સદર કામે આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ, જેમાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરી, તેઓ નિદોર્ષ છે તેમ જણાવી, પોતાના બચાવમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવા નથી કે સાહેદો તપાસવા નથી, તેવું જણાવેલ. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો ઉપર મુકવામાં આવેલ છે.

**<u>પક્ષકારો તર્ફે દલીલો :–</u>**

(૫) આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપીઓ પક્ષે મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા, આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

## ::– મુદ્દાઓ –::

૧. શુ ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કલાક.૧૯:૩૦ વાગ્યે મોજે રજાયતા ગામે મુનીયા ફળીયામા ફરીયાદી પોતાના ઘરે હતા તે વખતે આરોપી નં.૧ નાએ ફરીયાદીને તમો મારા પિતાને ઉનાળામા કેમ કહેલ કે મારા આંબા બાળી દીધા છે તેમ કહી મા બહેન સમાણી ગાળો બોલતો હોય જેથી ફરીયાદીએ આરોપી નં.૧ ને ગાળો બોલવાની ના પાડતા ત્રણેય આરોપી ફરીયાદી ઉપર ઉસ્કેરાઈ જઈ આરોપી નં.૧ નાએ તેના હાથમાની તલવાર લઈ તથા આરોપી નં.૨ નાએ તેના હાથમા વાંસી લઈ તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાં તીરકામઠુ લઈ ગાળો બોલતા બોલતા ફરીયાદી ના ઘરે આવી આરોપી નં.૨ નાએ તેના હાથમાની વાંસી ફરીયાદી ને ડાબા હાથના ભાગે મારી લોહી કાઢી ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાએ તેના હાથમાની તલવાર તથા આરોપી નં.૩ નાએ તેના હાથમાં તીરકામઠુ સાહેદ ગણપતભાઈ મસુરભાઈ મુનીયા નાઓએ લઈ લ ેતા આરોપી નં.૨,૩ નાઓ એ ફરીયાદી તથા સાહેદ લીલાબેનને શરીરે ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતા –૨૦૨૩ ની કલમ–૧૧૮(૨) ,૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૫. શુ હુકમ ?

(૭) આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**::– નિર્ણયો –::**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–: નિર્ણય અંગેના કારણો :–**

**રેકર્ડ પર આવેલ પુરાવો :–**

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપીઓ વિરૂધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઘ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહીત પુરવાર કરવો જોઈએ. સૌ પ્રથમ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂઘ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે **આંક –૧૦** થી ફરીયાદપક્ષે ફરીયાદી દલપતભાઈ રચજીભાઈ મુનીયાને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, આજથી આશરે બેએક વર્ષ પહેલા તે તથા તેમની પત્નિ ખેતરમા ગયેલા ત્યારે તેમને તથા તેમની પત્નિને તેમના કાકા તથા તેમના છોકરાઓ સાથે આંબા બાળી નાખવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે શિવાય કઈ બનેલ નહિ. બનાવ સબધે તેઓએ ફરીયાદ આપેલ તેમને ફરીયાદની નકલ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે તેમના ડાબા હાથનુ અંગુઠાનુ નિશાન છે જે ઓળખી બતાવે છે. જે ફરીયાદ રજુ દાખલ **આંક–૧૧** આપવામા આવેલ છે.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે.જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓ તથા આરોપીઓ એકજ કુટુબના હોય જેથી ઓળખીએ છીએ. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે શિવાય કઈ બનેલ નહિ. એ વાત ખરી છે કે આરોપીઓએ કોઈ માર મારેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકકી મા પડી જવાની તેમને ઈજા થયેલી છે.

(૧૦) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે **આંક –૧૨** થી ફરીયાદપક્ષે સાહેદ લીલાબેન દલપતભાઈ મુનીયાને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, આજથી આશરે બેએક વર્ષ પહેલા હુ તથા મારા પતિ ખેતરમા ગયેલા ત્યારે મને અને મારા પતિને મારા કાકા સસરા તથા તેમના છોકરાઓ સાથે આંબા બાળી નાખવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે શિવાય કઈ બનેલ નહિ. બનાવ સબધે મારા પતિએ ફરીયાદ આપેલ.પોલીસે મારો જવાબ લીધેલ.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે.જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમો તથા આરોપીઓ એકજ કુટુબના હોય જેથી ઓળખીએ છીએ.

એ વાત ખરી છે કે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કઈ બનેલ નહિ. એ વાત ખરી છે કે આરોપીઓ મારા પતિને કોઈ માર મારેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકકી મા પડી જવાની મારા પતિને ઈજા થયેલી છે.

**પુરાવાનુ મુલ્યાંકન**

**મુદ્દા નં.૧ :–**

(૧૧) આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તે પહેલાં કેટલાક કાયદાકીય સિધ્ધાંતો ટાંકવા અત્રે જરૂરી જણાઈ છે,જે નીચે મુજબ છે.

ભારતીય ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રીમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શક થી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને **"strictly construed"** કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહી.

**Beyond reasonable doubt એટલે શું ?**

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવા નો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપીઓ માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપીઓ વ્યાજબીશકથી પર ગુનેગાર છે,જે અન્વયે પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જોઈએ, જે અન્વયે

**જયંતિલાલ કુબેર દાસ શર્મા વિરૂધ્ધ રાજય ૨૦૦૭(૧) જી.એલ. આર.૯૯ ધ્યાને લેતા :**

> A Judge does not preside over a criminal trial merely to see that no innocent men is punished, A Judge also preside to see that guilty man does not escape. Both are public duty.The proof beyond reasonable doubt is mere guideline and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt,but a fare doubt based upon reason and common sense.

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે,આરોપીઓનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. આમ, ઉપરોકત સિધ્ધાંતો નજર સમક્ષ રાખી રેકર્ડ પરના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

**(૧૨)** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં સદર કામે ફરીયાદી તથા સાહેદની જુબાની જોતાં બનાવ વખતે અમારે સામાન્ય બોલા ચાલી થયેલી, તે સીવાય બીજુ કઈ બનેલ નહી.વધુમાં ફરીયાદીનાં જણાવ્યા મુજબ હાલનાં ગુન્હામાં આરોપીઓએ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોય કે ફરીયાદીને માર મારી ગડદાપાટુનો માર મારેલ હોય કે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબનાં હથિયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ હોય સદર ફરીયાદી તથા સાહેદની જુબાનીથી ફરીયાદની હકીકતોને સમર્થન મળતું નથી.

**(૧૩)** વધુમાં ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ – ૩૫૨, ૩૫૧(૨) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે, તે મુજબ બનાવ સમયે આરોપીઓએ ફરીયાદી/સાહેદોને ગાળો બોલી અપમાનીત

કરી,જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે, તે આક્ષેપ સબબ ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદો પૈકી કોઈપણ સાહેદે બનાવ સમયે આરોપીઓએ કયા પ્રકારની ગાળો બોલતા હતા અને કયા ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તેવા ચોકકસ શબ્દો તેમના મૌખિક પુરાવામાં જણાવેલ નથી. તેમજ આરોપીઓએ તેમને રોજીંદુ કામ કરતા અટકાવતા હોય તેવુ બનેલ નથી. આમ, બનાવ બન્યા બાદ ફરીયાદી અને સાહેદો રોજીંદા ક્રમ પ્રમાણે કાર્ય કરતા આરોપીઓએ બનાવ બન્યા બાદ તેમને કયારેય અટકાવેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. આમ, આરોપીઓએ આપેલ ધમકીને કારણે ફરીયાદપક્ષ તેમનુ રોજીંદુ કાર્ય કરવા અસમર્થ રહયા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ આરોપીઓએ સુલેહ ભંગના હેતુથી કયા શબ્દોથી ઉશ્કેરણી કરેલ છે તેવા શબ્દો કે ધમકી રેકર્ડ પર રજુ થયેલ નથી, તે સં જોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ– ૩પર, ૩પ૧ (ર)મુજબ નો ગુનો વ્યાજબી શકાંથી પર રહી સાબીત કરી શકેલ નથી તેવુ માનવુ છે.

**(૧૪)** વધુમાં આ કામે આરોપીઓ વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩પ નો આક્ષેપ છે પરંતુ ફરીયાદપક્ષે હથીયારબંધીના જાહેરનામાની નકલ રજુ થયેલ નથી તેમ છતાં તેવું જાહેરનામુ બનાવ સમયે અમલમાં હોય તેમ માની લેવામાં આવે તો ર૦૦૦(ર) જી.એલ.એચ.પાના નં.ર૮પ બાઈ શાન્તા વા.ઓ.શામળભાઈ અને બીજાઓ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાનાં કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯પ૧ ની કલમ–૩૭(૧) મુજબ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવી જોઈએ. સરકારી રાજયપત્રમાં માત્ર પ્રસિધ્ધી કરી દેવી તેને જાહેર પ્રસિધ્ધી કહી શકાય નહી તેમ છતાં બનાવના સમયમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ જાહેરનામુ અસ્તિત્વમાં હોવાનુ માની લ ેવામાં આવે તો પણ આ કામે હથીયાર રીકવરી પંચનામાના પં

ચસાહેદોને ફરીયાદપક્ષે તપાસ કરીને પંચનામુ પુરવાર થયેલ ન હોઈ આરોપીઓએ કોઈ મારક હથીયાર ધારણ કરેલ હોવાનુ અને તે લઈને જાહેરમાં નીકળેલ હોવાનુ તેમજ તટસ્થ પંચો રૂબરૂ આવું હથીયાર રીકવર થયાનુ જ પુરવાર થતું ન હોઈ આરોપીઓ સામે ધી બોમ્બે પોલીસ એકટની કલમ ૧૩૫ નો ગુન્હો પુરવાર થયેલ ગણાય નહીં. આ કલમ પુરવાર થવા માટે આવા જાહેરનામાનો ભંગ થયાનુ પુરવાર કરવું જરૂરી છે જે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે તેમ માનવા ને કારણ રહે છે.

(૧૫) આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીઓ વિરૂધ્ધનો કેસ સાબિત થતો ન હોઈ, ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, બચાવપક્ષની દલીલો ગ્રાહય રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નકારમાં ઠરાવીને મુદ્દા નં.ર અં ગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.–ર અંગે.</u>**

(૧૬) આમ, ઉપર મુદા નં.૧ ની ચર્ચા અને નિર્ણય કર્યો તે મુજબ આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ જતો હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા જોઈએ તેવું આ અદાલતનું નમ્ર પણે માનવું છે જેથી મુદ્દા નંબર–ર અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) આ કામના આરોપીઓ **(૧) ગોવીંદભાઈ બીજલભાઈ મુનીયા,(ર) નટવરભાઈ બીજલભાઈ મુનીયા,(૩) બીજલભાઈ રંગાભાઈ મુનીયા.તમામ રહે.રજાયતા, મુનીયા ફળીયું,તા.મોરવા(હ), જી.પંચમહાલ** ને ભારતીય નાગરીક સુરક્ષા સં હીતાની કલમ–ર૭૮(૧), અન્વયે ભારતીય ન્યાય સંહીતા–ર૦ર૩ ની કલમ–૧૧

૮(૨),૧૧૫(૧),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે લીધેલ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે આરોપીઓઓના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ.૨૧મી,માહે–જુલાઈ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. મોરવા(હ)
તા.૨૧/૦૭/૨૦૨૬

**(પ્રહલાદકુમાર એમ.જોષી)**
જ્યુ.મેજી.ફ.ક.,
મોરવા(હ)
કોડ નં.જી.જે.૦૧૭૧૬